પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૪૨ | ૧૪ નવેમ્બર, ૨૦૨૧, રવિવાર; કારતક સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## પ્રદૂષણની પરાકાષ્ઠા

# દિલ્હીમાં આજથી સાત દિવસ શાળા બંધ, સરકારી કર્મચારી ઘરેથી કામ કરશે

### દિલ્હીમાં પ્રદૂષણ લોકડાઉનની જાહેરાત : દિલ્હીમાં સતત વધી રહેલા પ્રદૂષણને કારણે અરવિંદ કેજરીવાલ સરકારે કેટલાક મોટા નિર્ણય લીધા છે

નવી દિલ્હી, તા.૧૩

દેશની રાજધાની દિલ્હીમાં પ્રદૂષણના વધતા સ્તર વચ્ચે મુક્યમંત્રી અરવિંદ કેજરીવાલે ઘણા મોટા નિર્ણય લીધા છે. તેમણે આજે એક બેઠક બાદ કહ્યુ કે, સોમવારથી દિલ્હીમાં તમામ સ્કૂલ એક સપ્તાહ માટે બંધ રહેશે. આ સિવાય દિલ્હીના સરકારી કર્મચારી વર્ક ફ્રોમ હોમ એટલે કે ઘરેથી કામ કરી શકશે. તો દિલ્હીમાં ૧૪થી ૧૭ નવેમ્બર કન્સ્ટ્રક્શન કામ પણ બંધ રહેશે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની મોટી જાહેરાતમાં રાજધાની દિલ્હીમાં એક સપ્તાહ શાળાઓ બંધ. સરકારી કર્મચારી એક સપ્તાહ ઘરેથી કામ કરશે.ખાનગી ઓફિસોને વર્કફ્રોમ હોમ કરાવવા માટે એડવાઈઝરી જાહેર કરાશે. ખાનગી ગાડીઓને બંધ કરવા વિચાર થશે. શહેરમાં સોમવારથી ત્રણ દિવસ બંધ રહેશે કન્સ્ટ્રક્શનની તમામ ગતિવિધિ.

દિલ્હી એનસીઆરમાં વધતા પ્રદૂષણને લઈને આજે સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. કોર્ટે ચેતવણી આપતા કહ્યુ કે, આગામી બે-ત્રણ દિવસમાં સ્થિતિને સુધારવા માટે ઈમરજન્સી પગલા બરવામાં આવે. જો જરૂરી ન હોય તો દિલ્હીમાં થોડા દિવસ માટે લૉકડાઉન લગાવવા પર પણ વિચાર કરવામાં આવે. કેન્દ્ર સરકારે આશ્વાસન આપ્યું છે કે સંબંધિત રાજ્ય સાથે વાત કરી તત્કાલ પગલાં ભરવામાં આવશે. ત્યારબાદ કોર્ટે સુનાવણી સોમવાર સુધી ટાળી દીધી છે.



## વિશ્વના સૌથી પ્રદૂષિત શહેરોમાં દિલ્હી નંબર વન

### સંસ્થા આઈક્યૂ એરના આંકડા બહાર પડ્યા : સમસ્યાઓ ઉપર કાબૂ નહી મેળવી શકાયો હોવાથી વૈશ્વિક સ્તરે ભારતની આબરુના ધજાગરા થઈ રહ્યા છે

નવી દિલ્હી, તા.૧૩

છેલ્લા કેટલાક વર્ષોથી પ્રદુષણ ભારતના ઘણા શહેરો માટે અને ખાસ કરીને ઉત્તર ભારતના શહેરો માટે મોટો ખતરો બની રહ્યુ છે.

પ્રદુષણના કારણે રાજધાની દિલ્હીની હાલત સૌથી ખરાબ છે અને આ સમસ્યા પર કાબૂ નહીં મેળવી શકાયો હોવાથી વૈશ્વિક સ્તરે ભારતની આબરુના ધજાગરા થઈ રહ્યા છે.દરમિયાન શિયાળાના આગમનની સાથે પ્રદુષણે ફરી માથુ ઉચકયુ છે અને દુનિયાના સૌથી વધુ પ્રદુષિત દસ શહેરોમાં ભારતના ત્રણ શહેરોનો સમાવેશ થયો છે.



દુનિયાભરમાં હવાની ગુણવત્તા માટેના એર ક્વોલિટી ઈન્ડેક્સ પર નજર રાખતી સંસ્થા આઈક્યૂ એરના આંકડા પ્રમાણે દુનિયામાં સૌથી પ્રદુષિત શહેર તરીકે દિલ્હી પહેલા સ્થાને છે અને પાકિસ્તાનનુ લાહોર બીજા સ્થાને છે.બલ્ગારિયાનુ સોફિયા ત્રીજા નંબરે અને ભારતનુ કોલકાતા ચોથા સ્થાને છે.

દુનિયાના સૌથી વધુ પ્રદુષિત શહેરોની યાદીમાં દિલ્હી, ભારત (એક્યુઆઈ: ૫૫૬), લાહોર, પાકિસ્તાન (એક્યુઆઈ: ૩૫૪), સોફિયા, બલ્ગેરિયા (એક્યુઆઈ: ૧૭૮), કોલકાતા, ભારત (એક્યુઆઈ: ૧૭૭), ઝાગ્રેબ, ક્રોએશિયા (એક્યુઆઈ: ૧૭૩), મુંબઈ, ભારત (એક્યુઆઈ: ૧૬૯), બેલગ્રેડ, સર્બિયા (એક્યુઆઈ: ૧૬૫), ચેંગડુ, ચીન (એક્યુઆઈ: ૧૬૫), સ્કોપિયા, ઉત્તર મેસેડોનિયા (એક્યુઆઈ: ૧૬૪), ક્રેકો, પોલેન્ડ (એક્યુઆઈ: ૧૬૦)નો સમાવેશ થાય છે.

## ગઢચિરોલીમાં ૨૬ નક્સલીઓ ઠાર

મુંબઈ, તા.૧૩

મહારાષ્ટ્રના ગઢચિલોરી જિલ્લાના જંગલમાં પોલીસ સાથે થયેલ અથડામણમાં ઓછામાં ઓછા ૨૬ નક્સલીઓ ઠાર કરાયા છે. આ અથડામણમાં સામેલ એક અધિકારીએ જણાવ્યું હતું કે, શનિવારે સવારે શરૂ થયેલ અથડામણ બપોર સુધી ચાલુ રહી હતી. આ અથડામણમાં કોલગુટના જંગલોમાં ૨૬ નક્સલીઓ માર્યા ગયા હતા.

મહારાષ્ટ્ર પોલીસની નક્સલ વિરોધ સ્કવૉર્ડ યુનિટને માહિતી મળતા નક્સલીઓને ઘેરી લીધા હતા. કલાકો સુધી ચાલેલ અથડામણમાં પ્રતિબંધિત નક્સલી અને પોલીસ વચ્ચે જબજસ્ત ફાયરીંગ થયું હતું.

ધીરે ધીરે નક્સલીઓ ભાગતા તપાસ અભિયાન શરૂ કરાયું હતું જેમાં ૨૬ નક્સલી ઠાર થયાની હકીકત બહાર આવી હતી. જેમાં ચાર પોલીસ જવાનો પણ ઘાયલ થયા હતા. ઘાયલ જવાનોને નાગપુરની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાં તેઓની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળેલ છે. જિલ્લા પોલીસ વડા અંકિત ગોયલના જણાવ્યા અનુસાર નક્સલવાદીઓની હજુ સુધી ઓળખ થઈ નથી પરંતુ એક નક્સલી નેતાનો પણ સમાવેશ થાય છે એમ જાણવા મળેલ છે.

મહારાષ્ટ્ર પોલીસ દ્વારા છેલ્લા ઘણા સમયથી નક્સલીઓ સામેની કાર્યવાહી ચાલતી હતી. જેમાં આજે મળેલ માહિતી અનુસાર કાર્યવાહી કરતા પોલીસને મોટી સફળતા મળી હતી.

## યુરોપ અને ઓસ્ટ્રિયા ફરી કોરોના મહામારીનું કેન્દ્ર બન્યું

નવી દિલ્હી , તા.૧૩

કોરોના વાયરસ મહામારીના આશરે ૨ વર્ષ બાદ પણ યુરોપના પશ્ચિમી ક્ષેત્રમાં સંક્રમણના કેસ વધી રહ્યા છે. આ ખૂબ જ ચોંકાવનારી વાત છે કારણ કે, આ ક્ષેત્રમાં વેક્સિનેશનનો દર ઉંચો છે અને સ્વાસ્થ્ય દેખભાળ પ્રણાલીઓ પણ સારી છે. તેમ છતાં કોરોના પાછો ફરતા હવે લોકડાઉન લગાવવાની સ્થિતિ સર્જાઈ છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને જણાવ્યું કે, યુરોપમાં ગત સપ્તાહે કોરોના વાયરસના કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યામાં ૧૦ ટકા સુધીનો વધારો થયો. એજન્સીએ ગત સપ્તાહે સત્તાવાર ઘોષણામાં જણાવ્યું કે, યુરોપ ફરી મહામારીનું કેન્દ્ર બનવા તરફ જઈ રહ્યું છે. યુરોપમાં કોરોના વાયરસ મહામારીનો કહેર વધી રહ્યો છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબલ્યુએચઓ)એ તો એ હદે કહી દીધું કે, યુરોપ હવે ફરી એક વખત મહામારીનું કેન્દ્ર બની ગયું છે. પશ્ચિમી યુરોપ હાલ કોરોનાથી સૌથી વધારે પ્રભાવિત છે અને ત્યાં સંક્રમિતોની સંખ્યા વધી રહી હોવાના કારણે લોકડાઉન જેવા પગલાં ભરવા પડી રહ્યા છે. આ બધા વચ્ચે ઓસ્ટ્રિયાએ વેક્સિન ન લેનારા લોકો વિરુદ્ધ આકરા પગલાં ભરવાનો નિર્ણય લીધો છે અને તેમને લોકડાઉનમાં ઘરોમાં રાખવા સાથે સંકળાયેલી જાહેરાત કરી દીધી છે. ઓસ્ટ્રિયાના ચાન્સેલર એલેક્ઝેન્ડર શાલેનબર્ગે શુક્રવારે જાહેરાત કરી હતી કે, અપર ઓસ્ટ્રિયા અને સાલ્જબર્ગમાં વેક્સિનનો ડોઝ ન લેનારા લોકો સોમવારથી ખાસ કારણોસર જેમ કે, જરૂરિયાતની વસ્તુ ખરીદવા, ડોક્ટરને મળવા કે નોકરી માટે જ ઘરની બહાર નીકળી શકશે.

## ૩ હજાર ભારતીય શીખોને પાકિસ્તાને વિઝા આપ્યા

નવી દિલ્હી, તા.૧૩

પાકિસ્તાનના ઉચ્ચાયોગે ટ્વિટમાં લખ્યું હતું કે, 'ભારત માટે પાકિસ્તાન ઉચ્ચાયોગે બાબા ગુરૂ નાનકની ૫૫૨મી જયંતિની પૂર્વ સંધ્યાએ ભારતીય શીખ યાત્રિકો માટે આશરે ૩,૦૦૦ વીઝા આપ્યા. ભારતમાં પાકિસ્તાન ઉચ્ચાયોગ શીખ ધર્મના સંસ્થાપકની ૫૫૨મી જયંતિ પર ભારત અને દુનિયાભરમાં શીખ સમુદાયને હાર્દિક શુભેચ્છા પાઠવે છે.' ધાર્મિક સ્થળોની યાત્રા પર ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૭૪ના દ્વિપક્ષીય પ્રોટોકોલની જોગવાઈ અંતર્ગત વીઝા જાહેર કરવામાં આવ્યા છે.

## મણિપુરમાં આસામ રાઈફલ્સની બટાલિયન પર હુમલો : ૭નાં મોત

### ૪૬મી બટાલિયનના સીઓ અને પરિવારનાં બે સભ્યો માર્યા ગયા : કેન્દ્રીય સુરક્ષામંત્રી, મણિપુરના મુખ્યપ્રધાન સહિતના નેતાઓએ હિંસાને વખોડી કાઢી, કોઈ જ આતંકવાદી સંગઠને હુમલાની જવાબદારી ન લીધી

ઈમ્ફાલ, તા.૧૩

આસામ રાઈફલ્સની ૪૬મી બટાલિયનના કમાન્ડિંગ ઓફિસર (સીઓ), તેમના પરિવારના બે સભ્યો અને ચાર અર્ધલશ્કરી દળના જવાનો શનિવારે મણિપુરમાં ઓચિંતા હુમલામાં માર્યા ગયા હતા.

રક્ષા મંત્રી રાજનાથ સિંહે હુમલાની આકરી નિંદા કરતા કહ્યું કે મણિપુરના ચુરાચંદપુરમાં આસામ રાઈફલ્સના કાફલા પર થયેલો હુમલો કાયરતાપૂર્ણ અને નિંદનીય છે. આ હુમલામાં સામેલ ગુનેગારોને બક્ષવામાં આવશે નહીં. તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આ ગુનેગારોને જલ્દી જ સજા અપાશે.

મણિપુરના મુખ્યમંત્રી એન બિરેન સિંહે પણ આ હુમલાની સખત નિંદા કરી છે. તેમણે કહ્યું- હું ૪૬ આસામ રાઈફલ્સના કાફલા પરના આ કાયરતાપૂર્ણ હુમલાની સખત નિંદા કરું છું જેમાં આજે ચુરાચંદપુમાં સીઓ અને તેમના પરિવાર સહિત કેટલાક જવાનો માર્યા ગયા હતા. રાજ્ય દળો અને અર્ધલશ્કરી દળો પહેલેથી જ આતંકવાદીઓને પકડવા માટે કામ કરી રહ્યા છે. દોષિતોને બક્ષવામાં આવશે નહીં. ટૂંક સમયમાં જ તેઓને ઝડપી પાડીને કડક સજા કરવામાં આવશે.

ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ પણ હુમલાની નિંદા કરી હતી.

● અનુસંધાન પાન-૩ પર

## ૪૦ વર્ષથી વોન્ટેડ નક્સલી કમાન્ડર ઝારખંડથી ઝડપાયો

રાંચી, તા.૧૩

ઝારખંડ પોલીસે ૪૦ વર્ષથી વોન્ટેડ સુપ્રીમ નક્સલી કમાન્ડર 'બૂઢા'ની ધરપકડ કરી હોવાની વિગતો મળી છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર શુક્રવારે સવારે ૯ વાગ્યે ગિરીડિહ-સરાયકેલા રોડ પર એક સ્કોર્પિયો કાર સ્પીડમાં દોડી રહી હતી. જેમાં એક ૭૪ વર્ષીય અને તેની પત્ની અને બે બોડીગાર્ડ હતા. ટોલ પર અચાનક પોલીસે કારને ઘેરી લીધી અને ૪ દશકમાં સેંકડો નક્સલી કાંડો અંજામ આપનારો એક કરોડનો ઈનામી 'બૂઢા' પોલીસના હાથે પકડાઈ ગયો! ઝારખંડ પોલીસે પ્રતિબંધિત સીપીઆઈ-માઓવાદીના પૂર્વ ક્ષેત્રીય બ્યુરોના સચિવ પ્રશાંત બોઝ ઉર્ફે કિશન દા ઉર્ફે મનીષ ઉર્ફે બુઢા અને તેની પત્ની શીલા મરાંડીની ધરપકડ કરવામાં સફળતા મેળવી છે.

## પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો દસમો હપ્તો જમા થશે

### કિસાનોને રાહત : કેન્દ્ર સરકાર ૧૫ ડિસેમ્બરમાં દસમા હપ્તાના ૨ હજાર રૂપિયા કિસાનોના ખાતામાં ટ્રાન્સફર કરી દેશે

નવી દિલ્હી, તા.૧૩

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ મળનાર રકમનો હપ્તો જલદી સરકાર કિસાનોના બેંક ખાતામાં પહોંચાડવાની છે. ૧૦મા હપ્તાની રાહ જોઈ રહેલા કિસાનોને રાહત મળવાની છે. જાણકારી પ્રમાણે સરકાર ૧૫ ડિસેમ્બરે દસમા હપ્તાના ૨ હજાર રૂપિયા કિસાનોના ખાતામાં ટ્રાન્સફર કરી દેશે. કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના બેઠળ પાછલા વર્ષે ૨૫ ડિસેમ્બરે પૈસા ટ્રાન્સફર કર્યા હતા. અત્યાર સુધી કેન્દ્ર સરકારે દેશના ૧૧.૩૭ કરોડથી વધુ કિસાનોના બેંક ખાતામાં સીધા આશરે ૧.૫૮ લાખ કરોડ રૂપિયાથી વધુની રકમ ટ્રાન્સફર કરી ચુકી છે.

કેટલાક કિસાનોને આ વખતે ૨ની જગ્યાએ ૪ હજાર રૂપિયા મળશે. આ ફાયદો તે કિસાનોને મળશે જેને અત્યાર સુધી ૯માં હપ્તાનો લાભ મળ્યો નથી. તે તમામ લોકોના ખાતામાં બે હપ્તાના પૈસા પહોંચી જશે. એટલે સ્પષ્ટ છે કે તેના ખાતામાં ૪ હજાર રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવશે. પરંતુ આ સુવિધા માત્ર તે કિસાનોને મળશે જેણે ૩૦ સપ્ટેમ્બર પહેલા રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

જો તમે કિસાન છો અને પીએમ કિશાન યોજના યોજના માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે, તો આ યોજનાના લાભાર્થીઓના લિસ્ટમાં તમારૂ નામ ચેક કરવું જરૂરી છે.

મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

Dr. Mamta Buch's
GATEWAY OF ENGLISH ACADEMY
Spoken English, IELTS, Competitive Exams and English Literature classes
Free Demo Lecture on 25th November 2021
(Registration Compulsory for Demo) Classes Start From 01 December 2021
For Inquiry -
99798 75229

નવી શરૂ થતી
સાંજે ૭:૩૦ ની બેચમાં જોડાઈ
કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો.
નાણાવટી
The Leader Since 1996
ઘ-૨ નજીક, સે.૭બી, ગાંધીનગર. ● ફોન : ૯૬૨૪૦૧૦૫૫૫
ઓફિસ સમય : સવારે ૮ થી ૧, સાંજે ૪ થી ૮
ડેમો માટે અમારી YouTube Channel ની મુલાકાત લો
ketannanavatigandhinagar

